
ગુજરાત માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શિક્ષણબોર્ડ, ગાંધીનગર દ્વારા આયોજિત

ધો. 1 થી 8 (TET), ધો. 9 થી 12 (TAT) તથા
HTAT માટે ઉપયોગી સંદર્ભ પુસ્તક

લેટેસ્ટ
અક્ષર



શિક્ષક અભિયોગ્યતા કસોટી
વર્ણનાત્મક અને હેતુલક્ષી

(શિક્ષણશાસ્ત્રના વિવિધ મુદ્દાઓની વિસ્તૃત સૈદ્ધાંતિક સમજૂતી તેમજ હેતુલક્ષી પ્રશ્નો સહિત)

TET / TAT અને HTAT માટે

શિક્ષણની ફિલસૂફી, શૈક્ષણિક મનોવિજ્ઞાન, વર્ગવ્યવહાર અને મૂલ્યાંકન

-: લેખક - સંપાદક :-

પ્રા. ડૉ. બી. સી. રાઠોડ
M.A., M.Phil., Ph.D.

ડૉ. ભાવિક એમ. શાહ
M.Com., M.Ed., Ph.D.

અક્ષર પબ્લિકેશન, અમદાવાદ.

ગુજરાત માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શિક્ષણબોર્ડ, ગાંધીનગર દ્વારા આયોજિત

ધો. 1 થી 8 (TET), ધો. 9 થી 12 (TAT) તથા
HTAT માટે ઉપયોગી સંદર્ભ પુસ્તક

લેટેસ્ટ - 2023

શિક્ષક અભિયોગ્યતા કસોટી
વર્ણનાત્મક અને હેતુલક્ષી

(શિક્ષણશાસ્ત્રના વિવિધ મુદ્દાઓની વિસ્તૃત સૈદ્ધાંતિક સમજૂતી તેમજ હેતુલક્ષી પ્રશ્નો સહિત)

TAT / TET અને HTAT માટે

શિક્ષણની ફિલસૂફી, શૈક્ષણિક મનોવિજ્ઞાન, વર્ગવ્યવહાર અને મૂલ્યાંકન

: લેખક/સંપાદન :

પ્રા. ડો. બી. સી. રાઠોડ
M.A., M.Phil, Ph.D.

ડો. ભાવિક એમ. શાહ
(M.Com, M.Ed., Ph.D.)

ડાયરેક્ટર, અક્ષર અકાદમી,
403-404-405, શાલીન સેન્ટ્રમ, ચોથો માળ,
કોમાની બાજુમાં, પેટ્રોલપંપની પાછળ,
સેક્ટર - 11, ગાંધીનગર.

અક્ષર પબ્લિકેશન, અમદાવાદ.

• શિક્ષક અભિયોગ્યતા કસોટી

પ્રા. ડો. બી. સી. રાઠોડ ડો. ભાવિક એમ. શાહ

પ્રકાશક : **અક્ષર પબ્લિકેશન**
શ્રીજી હાઉસ,
એમ.જે. લાઈબ્રેરી પાછળ, બુક્સ ઈન્ડિયાના ખાંચામાં,
એલીસબ્રિજ, અમદાવાદ.
ફોન : 079-26585888

પ્રથમ આવૃત્તિ : 2023

કિંમત : ₹ 180/-

ટાઈપ સેટીંગ : **અક્ષર પબ્લિકેશન**
શ્રીજી હાઉસ,
એમ.જે. લાઈબ્રેરી પાછળ, બુક્સ ઈન્ડિયાના ખાંચામાં,
એલીસબ્રિજ, અમદાવાદ.
ફોન : 079-26585888

મુદ્રક : **શ્રીજી ઓફસેટ, દૂધેશ્વર, અમદાવાદ.**

પ્રત : 500

આ પુસ્તકને ક્ષતિરહિત બનાવવા માટે શક્ય તેટલા પ્રયાસ કરવામાં આવ્યા છે, છતાં પણ માનવસહજ ક્ષતિને પરિણામે સંભવિત નુકસાન માટે પ્રકાશક જવાબદાર રહેશે નહીં. શંકાના નિવારણ માટે બંધારણની મૂળ પ્રત જોવી.

No Part of this Publication can be reproduced in any form or by any means without the prior written permission of the publisher.

પ્રસ્તાવના

ઔદ્યોગિક અને વ્યાપારજગતની જેમ શૈક્ષણિક સંસ્થાઓમાં પણ શિક્ષક-પસંદગી માટે શિક્ષક અભિયોગ્યતા જેવી મનોવૈજ્ઞાનિક કસોટીઓનો ઉપયોગ વિશેષ પ્રમાણમાં થવા લાગ્યો છે. ઉમેદવારના પસંદગીના વિષય ઉપરાંત જે તે જગ્યા માટેની તેની માનસિક અભિરુચિ અને પોતે જે સામાજિક, ભૌગોલિક કે સાંસ્કૃતિક પર્યાવરણમાં રહે છે તેની સમજની અપેક્ષા નોકરીદાતા દ્વારા રાખવામાં આવે છે. કોઈપણ દેશનું ભાવિ શિક્ષકો દ્વારા વર્ગખંડમાં ઘડાતું હોવાથી, શિક્ષક પાસેથી સાહજિક રીતે જ શિક્ષણ શાસ્ત્ર વિષયક ઉચ્ચ જ્ઞાનની અપેક્ષા રાખવામાં આવે છે. શિક્ષક અભિયોગ્યતા કસોટીના પ્રશ્નપત્ર **1** ના વિભાગ **2** માં શિક્ષણશાસ્ત્ર વિષયક વિવિધ મુદ્દાઓ આધારિત પ્રશ્નો પૂછવામાં આવશે. આ માટે વિવિધ મુદ્દાઓની વિસ્તૃત સૈદ્ધાંતિક સમજ આપતા પુસ્તકની વિદ્યાર્થીઓ દ્વારા વારંવાર માંગ કરવામાં આવતી હતી.

પ્રસ્તુત પુસ્તકમાં **શિક્ષક અભિયોગ્યતા કસોટી પ્રશ્નપત્ર 1**ના વિભાગ **2** ના વિવિધ મુદ્દાઓ જેવા કે શિક્ષણની ફિલસૂફી, શૈક્ષણિક મનોવિજ્ઞાન તેમજ વર્ગવ્યવહાર અને મૂલ્યાંકન વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત આ જ મુદ્દાઓને લગતા હેતુલક્ષી પ્રશ્નોનો મોટી સંખ્યામાં સમાવેશ કરેલ છે. પ્રસ્તુત પુસ્તક TET / TAT/ HTAT ની પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓને ઉપરકારક નીવડશે તેવી આશા રાખવામાં આવે છે.

લેખક - સંપાદક

અનુક્રમણિકા

ક્રમ	વિગત	પૃષ્ઠ
	વિભાગ : 1	
(1)	કેળવણી : અર્થ અને હેતુઓ	1-6
(2)	કેળવણીના સ્વરૂપો	7-13
(3)	કેળવણીની તાત્ત્વિક વિચારધારાઓ	14-26
	વિભાગ : 2	
(1)	વૃદ્ધિ અને વિકાસ	27-29
(2)	તરુણાવસ્થા	30-39
(3)	શૈક્ષણિક મનોવિજ્ઞાનની પદ્ધતિઓ	40-44
(4)	વ્યક્તિગત ભિન્નતાઓ	45-53
(5)	અધ્યયન	54-56
(6)	બુદ્ધિ અને બહુવિધ બુદ્ધિઓ	57-63
(7)	બચાવ પ્રયુક્તિઓ	64-68
(8)	પ્રેરણા	69-76
(9)	વિશિષ્ટ બાળકો	77-86
(10)	વ્યક્તિત્વ	87-92
(11)	રસ (અભિરુચિ) -મનોવલણ	93-97
(12)	અભિયોગ્યતા	98-100
	વિભાગ : 3	
(1)	વર્ગ વ્યવહાર	101-106
(2)	મૂલ્યાંકન (બ્લુમ સહિત) અને આંકડાશાસ્ત્ર	107-120
(3)	શિક્ષણ અને ટેક્નોલોજી	121-125
(4)	ક્રિયાત્મક સંશોધન	126-130
	વિભાગ : 4 (હેતુલક્ષી પ્રશ્નો)	
(1)	શિક્ષણની ફિલસૂફી	131-138
(2)	શૈક્ષણિક મનોવિજ્ઞાન	139-154
(3)	શૈક્ષણિક ટેકનોલોજી, વર્ગવ્યવહાર અને મૂલ્યાંકન	155-176

વિભાગ : 1

1 કેળવણી : અર્થ અને હેતુઓ

1 કેળવણીનો અર્થ – ભૂમિકા :

કેળવણીના અર્થને સમજવાનું કે એને રજૂ કરવાનું કાર્ય પ્રમાણમાં કઠિન છે. કેળવણી માણસના સમગ્ર જીવનને આવરી લઈને ચાલનારી પ્રક્રિયા છે. માત્ર પુસ્તકમાંથી પ્રાપ્ત કરેલા શિક્ષણને સાંભળી લેવાથી શિક્ષણની પ્રક્રિયા પૂરી થતી નથી કે એના અર્થને પામી શકાતો નથી. શિક્ષણ એ પુસ્તકમાં પડેલા કે આસપાસના પર્યાવરણમાં રહેલ અનુભવોને આત્મસાત્ કરી એને વર્તનમાં મૂકવાની પ્રક્રિયા છે. જોયેલી, જાણેલી, અવલોકેલી બાબતોને સમજીને ભીતરમાં પહોંચાડી આજીવન તેના વિશે ચિંતન કરી જાતને સાર્વત્રિક રીતે ઉન્નત બનાવવી એ જ સાચા અર્થની કેળવણી. આપણા કેળવણીકારોએ શિક્ષણના અર્થને ત્રણ વિભાગમાં વહેંચ્યો છે. જે નીચે મુજબ ક્રમશ જોઈએ.

(અ) કેળવણીનો શાબ્દિક અર્થ (બ) કેળવણીનો સંકુચિત અર્થ (ક) કેળવણીનો વ્યાપક અર્થ :

(અ) કેળવણીનો શાબ્દિક અર્થ :

આપણે ત્યાં સામાન્ય રીતે કેળવણી માટે શિક્ષણ શબ્દ વધુ પ્રચલિત છે. એના શાબ્દિક અર્થ વિવિધ ભાષાઓમાં જુદી જુદી રીતે રજૂ કરવામાં આવે છે.

→ **સાર્થ જોડણી કોશ :**

ગુજરાતી સાથે જોડણીકોશ અનુસાર કેળવણી એટલે કેળવવું તે, વ્યવસ્થિત રીતે ઉછેર કરવો, ખિલવણી, ભણતર, શિક્ષણ, તાલીમ અને વિદ્યા.

→ **સંસ્કૃત :**

સંસ્કૃત ભાષામાં શિક્ષણ એટલે 'શિક્ષ' એટલે કે શીખવું, ભણવું એવો અર્થ બતાવવામાં આવ્યો છે.

→ **હિન્દી :**

હિન્દીમાં કેળવણી માટે 'શિક્ષણ' અને 'શિક્ષા' એવા બે શબ્દો પ્રયોજાય છે. હિન્દી–ગુજરાતી કોશમાં 'શિક્ષણ' એટલે ભણતર, કેળવણી, ભણાવવું તે, અધ્યાપન એવો અર્થ થાય છે.

→ **અંગ્રેજી :**

અંગ્રેજીમાં શિક્ષણ માટે Education શબ્દનો ઉપયોગ થાય છે. 'એજ્યુકેશન' એટલે કેળવણી, આખું શિક્ષણ.

અંગ્રેજી Education શબ્દ મૂળ લેટિન ભાષામાંથી આવેલો છે. લેટિન ભાષામાં તેના ત્રણ શબ્દો છે. જે નીચે પ્રમાણે છે.

(1) Educationનો અર્થ થાય છે. Act of Teaching or Training એટલે કે અધ્યાપન, તાલીમ, શિક્ષણનું કાર્ય તાલીમનું છે.

(2) Educare :

→ To Educate એટલે કેળવણી આપવી, કેળવવું, તાલીમ આપવી, શક્તિઓનો વિકાસ કરવો, ભણાવવું.

→ To bring up એટલે ઉછેરીને મોટું કરવું.

→ To raise એટલે ઊગાડવું, પેદા કરવું, ઉછેરવું. એટલે કે કેળવવું, સંવર્ધન કરવું અને ઉછેરવું એ શિક્ષણનું કાર્ય છે.

(3) Educere :

→ To bring forth એટલે પેદા કરવું, જન્મ આપવો.

→ To Lead out એટલે દોરવું, રસ્તો બતાવવો, માર્ગદર્શન આપવું.

અર્થાત્ કેળવણીનું કામ સુષુપ્ત શક્તિઓને પેદા કરીને તેમને યોગ્ય માર્ગે વાળવી, દોરવી એ છે. માર્ગ ચીંધવો, માર્ગદર્શન આપવું એ શિક્ષણનું કાર્ય છે.

ટૂંકમાં, લેટિન ભાષામાં એજ્યુકેશન (Education)નો અર્થ થાય છે તાલીમ, સંવર્ધન અને રસ્તો બતાવવો તે.